જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૮/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૯૧/૧૮

ક્રાઇમબ્રાંચ :

## ૦૧ કિલો ૨૮૦ ગ્રામ ગાંજાના નશીલા પદાર્થના જથ્થા સાથે એક ઇસમને ઝડપી લેતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમબ્રાંચ.

ઇન્ચાર્જ ખાસ પોલીસ કમિશનરશ્રી દિપેન ભદ્રન સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ. હર્ષદ પટેલ સાહેબ એસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી બી.સી.સોલંકી સાહેબ એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર નાઓની સુચનાથી પોલીસ ઇન્સ્પેકટરશ્રી એ.ડી.પરમાર સાહેબ એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓ સ્ટાફ સાથે એસ.ઓ.જી. ના હેડની કામગીરી તથા નશીલા પદાર્થોની હેરાફેરી તથા વેચાણ કરતા અસામાજિક તત્વોની શોધ માટે સક્રીય હતા. દરમ્યાન પોસઇ શ્રી એ.એ. દેસાઇ નાઓની બાતમી હકીકત આધારે મોહંમદસમીર ખલીલઅહેમદ અંસારી ઉ.વ-૨૪ ધંધો.મજુરી રહે-મ.નં-૮૧/૧૩૫૮ સુંદરમનગર ગાયત્રીનગરની સામે નુરાની મસ્જીદ પાસે બાપુનગર અમદાવાદ શહેર નાને બાપુનગર સુંદરમનગર હાઉસિંગના મકાનો તરફ જવાના રસ્તા ઉપર અનસ પાર્લર પાસે જાહેરમાંથી મળી આવેલ જેની અંગઝડતી તપાસ કરતાં તેની પાસેની થેલીમાંથી કુલ્લે ૦૧ કિલો ૨૮૦ ગ્રામ કિ.રૂ.૧૨૮૦૦/- નો ગેરકાયદેસર ગાંજાનો જથ્થો તેમજ રોકડ નાણાં રૂ.૧૦૫/- સાથે સદરી ઇસમને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. અને આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ નાઓએ હાથ ધરેલ છે. અને મજકુર આરોપી અગાઉ બાપુનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૯/૨૦૧૮ ધી.ઇ.પી.કો.કલમ.૩૭૯ મુજબના ગુનામાં પકડાયેલ છે.

## ગોમતીપુર પોલીસ સ્ટેશન :

### પ્રોહીબીશનના ગુનાઓમાં પકડાયેલ છ (૬) ઈસમોને પાસા હેઠળ અટકાયત

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશનના ગુનાઓ અટકાવવા સારૂ અસરકારક અટકાયતી પગલા લેવા સુચના કરેલ જે આધારે સીનીયર પોલીસ ઈન્સ્પેકટરશ્રી સી.બી.ટંડેલ તથા સે.પોલીસ ઈન્સ્પેકટરશ્રી બી.વી.ઝાલા તથા સર્વેલંન્સ સ્કોડના પો.સબ.ઈન્સશ્રી એસ.એસ.શેખ તથા બીજા સ્ટાફના માણસોએ અત્રેના ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનના ગુનાઓમાં પકડાયેલ ઇસમોની વિરૂધ્ધમાં જરૂરી પુરાવા એકત્રીત કરી મે.પોલીસ કમિશ્નરશ્રી નાઓએ પાસા હુકમ જારી કરેલ જે આધારે નીચે જણાવેલ ઇસમોને આજરોજ પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે તેઓની સામે જણાવેલ જેલ ખાતે પાસા અટકાયતી તરીકે મોકલી આપવામાં આવેલ છે. તા.૧૭/૦૮/૨૦૧૮

| અ.નં | નામ | પાસા હુકમ નંબર | જેલ |
|---|---|---|---|
| ૧ | આશીફબેગ ઉર્ફે આસો સ/ઓ યુસુફભાઇ હમીદભાઇ મોઘલ ઉ.વ.૩૨ રહે.મથુરા ભવનની ચાલી સેન્ટ જોસેફ સ્કુલની સામે ગોમતીપુર અમદાવાદ શહેર | PCB/DTN/PASA/737/2018 DATE: 17/08/2018 | પાલારા ભુજ |
| ૨ | સરવરહુસેન સ/ઓ અસરતઉલ્લા રેહમતઉલ્લા અંસારી ઉ.વ.૨૨ રહે.મ.નં.૫૭ છોટલાલની ચાલી મરીયમ બીબી માસ્જીદ પાછળ મરીયમબીબી ચાર રસ્તા પાસે રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર | PCB/DTN/PASA/734/2018 DATE: 17/08/2018 | નડીયાદ જેલ |
| ૩ | મોહમદહુસૈન ઉર્ફે ચીકુ ઉર્ફે ટીકુ અસરતઉલ્લા રેહમતઉલ્લા અંસારી ઉ.વ.૨૩ રહે.મ.નં.૫૭ છોટલાલની ચાલી મરીયમ બીબી માસ્જીદ પાછળ મરીયમબીબી ચાર રસ્તા પાસે રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર | PCB/DTN/PASA/732/2018 DATE: 17/08/2018 | રાજકોટ જેલ |
| ૪ | ઇકરામએહમદ ઉર્ફે ઇકુ સ/ઓ જમીરએહમદ બસીરએહમદ અંસારી ઉ.વ.૨૩ રહે.છોટાલાલની ચાલી મરીયમ બીબી મસ્જીદ પાછળ મરીયમબીબી ચાર રસ્તા પાસે રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર | PCB/DTN/PASA/733/2018 DATE: 17/08/2018 | ભુજ જેલ |
| ૫ | મોહમદ ઈસ્માઇલ સ/ઓ અબ્દુલખાલીક અંસારી ઉ.વ.૫૦ રહે.મ.નં.એ/૨૪ અલકુબા સોસાયટી વટવા કેનાલ વટવા અમદાવાદ શહેર | PCB/DTN/PASA/736/2018 DATE: 17/08/2018 | સુરત જેલ |
| ૬ | જાવેદએહમદ સ/ઓ જમીરએહમદ બસીરએહમદ અંસારી ઉ.વ.૩૨ રહે.છોટાલાલની ચાલી મરીયમ બીબી મસ્જીદ પાછળ મરીયમબીબી ચાર રસ્તા પાસે રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર | PCB/DTN/PASA/735/2018 DATE: 17/08/2018 | વડોદરા જેલ |

## નિકોલ પોલીસ સ્ટેશન :

**પરપ્રાંતીય દારુના જથ્થાનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નિકોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તા:૧૭/૦૮/૨૦૧૮**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડિવિઝન સાહેબ નાઓએ પ્રોહી જુગારની પ્રવુતી કરતા ઇસમો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના કરેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેક્ટર શ્રી એચ.બી.ઝાલા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી એસ.વી.પટેલ તથા અ.હેડ.કોન્સ જામસિંહ રણુભા બ.નં ૭૫૦૪ તથા અ.હેડ.કોન્સ ગીતાબા નટવરસિંહ બ.નં ૫૦૬૫ તથા અ.પો.કો જીતેન્દ્રસિંહ હરીસિંહ બ.નં.૧૦૩૮૮ તથા અ.લો.ર.યુવરાજસિંહ રીછપાલસિંહ બ.ન. ૫૭૦ અ.પો.કો અરવિંદભાઈ મણીભાઈ બ.નં.૯૮૦૧ તથા એલ.આર.રવીરાજસિંહ કાનજીભાઇ બ.ન. ૧૩૩૪ તથા અ.પો.કો. મહાવીરસિંહ સાહેબસિંહ નાઓ સાથે પેટ્રોલીંગ મા હતા દરમ્યાન ચોક્કસ આધાર ભુત બાતમી મળેલ હોઈ જે આધારે રૃામદેવનગરના ટેકરા મકાન નંબર ૮૭૧ નિકોલ રોડ વાળા મકાનમા ઉપરોક્ત ભવરસિંહ બળદેવસિંહ રાઠોડ નાએ વગર પાસ પરમીટે પ્રરપ્રાંતના દારુ નો જથ્થો મુકી રાખેલ જે આધારે તા.૧૭/૦૮/૨૦૧૮ ના કલાક ૨૧/૦૦ વાગે રેડ કરતા સદર ઈસમ તેના મકાન મા પરપ્રાંતની દારુની બોટલો નંગ-૬૦ ની કિ.રુ.૩૦.૦૦૦/- ની મત્તાનો જથ્થો પોતાના ઘરમા મુકી રાખી રેડ દરમ્યાન ઘરે હાજર મળી આવેલ ન હોય જેના વિરુધ્ધમા નિકોલ પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર.ન.૫૨૯૭/૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫ એ ઇ, ૧૧૬(બી), મુજબ તથા સરકારશ્રીના નવા સુધારા તા,૧૯/૧૨/૧૬ ના વટ હુકમ કમાંક નં.૦૭/૧૬ મુજબ નવા સુધારા ની કલમ ૬૫(ઈ), મુજબ કાયદેસર કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે

## વટવા પોલીસ સ્ટેશન :

**પ્રોહીનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ**

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૨ સાહેબ તથા નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જે" ડીવીઝન સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા સાહેબનાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા માટે આપેલ સુચના મુજબ વટવા રોપડા ચાર રસ્તા નાકાબંધી પોઈન્ટ ઉપર હાજર એ.એસ.આઇ. રસિકભાઇ ત્રિકમભાઇ તથા અ.લો.ર. જગદિશસિંહ ગલતુભા નાઓએ સઘન અને અસરકારક વાહન ચેંકીંગ દરમ્યાન હોન્ડા સીટી કાર નં.**GJ.15.CF.2247** ની **SILVAR** કલરની કારમા (૧) બિપીનકુમાર ગુણવંતરાય પંડયા ઉ.વ. ૪૨ રહે, મ.નં. એ/૪૦૨ અયોધ્યા એપાર્ટમેન્ટ ઝાંઝરડા રોડ જુનાગઢ (૨) રેશ્માબાનુ વા/ઓ ફિરોજભાઇ નજીરભાઇ માજોઠી ઉવ. ૩૦ રહે.રૈયા ગામ રાજ રાજેશ્વરી મંદીરની પાછળ મહુડી રોડ રાજકોટ (૩) શબાના વા/ઓ સમીરભાઇ ધીરુભાઇ કાદરી ઉ.વ.૩૪ રહે.મ.નં.૩૬૫ ગુરુજીનગર સાધુ વાસવાણી રોડ ગાન્ધીગ્રામ રાજકોટ નાઓ આજ રોજ તા.૧૭/૦૮/૨૦૧૮ ના કલાક ૦૦/૧૫ વાગે પોતાના કબજામાં વગર પાસ પરમીટે BLENDERS PRIDE RARE PREMIUM WHISKY કુલ્લે નંગ-૩૦ કિ.રૂ. ૨૭૦૦૦/- ગણાય તથા બે મોબાઇલ ફોનની કિ.રૂ. ૨૦,૦૦૦/- તથા હોન્ડા સીટી કાર જેની કિ.રૂ. ૨,૦૦,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ. ૨,૪૭,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે લઇ આ કામે સ્થળ પરથી નાસી જનાર ઇમરાન રહે, ભિસ્તીવાડ રેલ્વે જંકશન રાજકોટ નાઓને વોન્ટેડ જાહેર કરી આગળની વધુ તપાસ પો.સ.ઇ. એસ.પી.ગોહિલ નાઓ કરી રહ્યા છે.તા-૧૭/૦૮/૨૦૧૮

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

**(૧)**

## એટીએમ મશીન તોડવાની કોશીષ કરવાના ચોરીના વણશોધાયેલ મિલ્કત સબંધી ગુનાને શોધી કાઢતી ઓઢવ પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંઘ.સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨.શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન શ્રી.ડી.એચ.ચૌહાણ સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર.આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ.તથા સર્વેલન્સ સ્કોડ.ના હે.કો દિલીપસિંહ કિશોરસિંહ બનં-૭૫૮૯. તથા પો.કો.પંકજભાઈ નારાયણભાઈ બનં-૧૦૧૯૦ ,તથા લો.ર જયેશભાઈ પાલાભાઈ બનં-૧૩૮૦ તથા લો.ર.રાજુભાઈ રાહાભાઈ બનં-૧૦૫૮. તથા પો.કો.અજીતભાઈ ભીખાભાઈ બનં-૪૨૯૪.તથા પો.કો.સંજયસિંહ ગણપતસિંહ બનં-૩૬૪૭ તથા બીજા અન્ય સ્ટાફના માણસો સાથે પો સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન પો.કો.અજીતભાઈ ભીખાભાઈ બનં-૪૨૯૪.તથા પો.કો.સંજયસિંહ ગણપતસિંહ બનં-૩૬૪૭ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે ઓઢવ પો સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૭૩/૧૮ ઈપીકો કલમ.૪૫૭,૫૧૧,૧૧૪ મુજબના ગુનામાં સંડોવાયેલ આરોપી " ભરતભાઈ સ/ઓ કાળીદાસ દેવજીભાઈ ગોહેલ ઉવ.૪૫.રહે.મનં-૨૩ જ્યોતિનગર સોસાયટી.સૌરભ સ્કુલની પાસે ભાવસાર હોસ્ટેલ એરીયા નવા વાડજ અમદાવાદ શહેર નાનો તપાસ દરમ્યાન મળી આવેલ હોય જેથી સદરી આરોપીને ગુનાના કામે તા.૧૬/૦૮/૧૮ ના કલાક.૨૦/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.સદર ગુનાની તપાસ હાલમાં ચાલુમાં છે.તા.૧૭/૦૮/૧૮.

**(૨)**

## ઈગ્લીશ દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંઘ.સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨.શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન શ્રી.ડી.એચ.ચૌહાણ સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર.આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ.તથા સર્વેલન્સ સ્કોડ.ના હે.કો રામસિંહ લક્ષ્મણસિંહ બનં-૭૭૩૩ તથા પો.કો.સંદિપકુમાર જયંતિલાલ બનં-૧૦૧૬૩.તથા લો.ર યશપાલસિંહ લાખુભા બનં-૫૪૧ તથા પો.કો ચંન્દ્રસિંહ લાખુભા બનં%-૫૮૮૯ તથા લો.ર રાજેશભાઈ રમેશભાઈ બનં-૬૮૭૯ તથા બીજા અન્ય સ્ટાફના માણસો સાથે પો સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા તા.૧૬/૦૮/૧૮ ના દરમ્યાન ફરતા ફરતા કલાક.૨૩/૩૦ વાગે ઓઢવ ઝડેશ્વર મંદિર પાસે આવતા સાથેના પોકો.સંદિપકુમાર જયંતિલાલ બનં-૧૦૧૬૩.નાઓની બાતમી હકીકત આધારે " શ્રધ્ધા મેડિકલ સ્ટોરવાળી ગલીમાં આવેલ કોમન પ્લોટના પાર્કીંગમાથી જાહેરમાથી વગર પાસ પરમીટે આરોપણ બહેન અર્ચીકુવરબા ડો/ઓ રાજેન્દ્રસિંહ સોલંકી ઉવ.૨૬ રહે,મનં- સી/૭૫૨ મુનિસુવ્રત સોસાયટી આદિનાથનગર ઓઢવ અમદાવાદ શહેર નાઓ એક અલ્ટો કારમાથી ઈગ્લીશદારૂની બોટલ નંગ-૫૪ કિ.રૂ.૨૭,૦૦૦/- તથા અલ્ટો કાર કિ.રૂ.૧,૫૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૧,૭૭,૦૦૦/- ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલ હોય જેથી સદરી બહેન તેમજ રેઈડ દરમ્યાન નાશી જનાર જીલકુવરબા તથા સુરજકુમાર અશોકકુમાર સોની તથા ઈગ્લીશદારૂનો જથ્થો મુકી જનાર સુનીલ ઉર્ફે કચોરી નાઓ વિરૂધ્ધમાં ધી પ્રોહી કલમ.૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧,૯૮(૨).મુજબ કાયદેસરનો કેસ કરી કાર્યવાહી કરવામાં આવેલ છે.કેસની તપાસ હાલમાં ચાલુ છે.તા.૧૭/૦૮/૧૮.

**<u>સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :</u>**

**(૧)**

## શ્રાવણીયો જુગાર રમતા ૧૦ ઇસમોને કુલ રૂ-૧.૨૭.૨૮૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબના હુકમ આધારે મે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબની સુચના મુજબ તથા મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર ના માર્ગદર્શન હેઠળ અત્રેના સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે સોલા ભાગવત વિધાપીઠ પાછળ આવેલ સપ્તપદી પાર્ટી પ્લોટની બાજુમાં સીલ્વર પરીક્રમા બંગ્લોઝ મકાન નં-૧૧ ખાતે રેડ કરી સદર હકીકત વાળા મકાનમાંથી શ્રાવણીયો જુગાર રમતા કુલ-૧૦ ઇસમો ગંજીપાનાથી પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા મળી આવેલ જે તમામ ઇસમોની અંગજડતીમાંથી કુલ રોકડા રૂ-૩૪૦૮૦/-તથા દાવના નાણાં રૂ-૧૫૨૦૦/-તથા મોબાઇલ ફોન નંગ-૧૦ કિં.રૂ-૭૮૦૦૦/-ની મત્તાના જે જુગાર રમવાના સાધનો સાથે કુલ રૂ-૧૨૭૨૮૦/-ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ ગયેલ હોય જે બાબતે કાયદેસરની કાર્યવાહી કરી અત્રે સોલા પો.સ્ટેશન સે.ગુ.ર.નં-૩૨૧૨/૨૦૧૮ ધી જુગાર ધારા-૪,૫ મુજબથી ગુનો દાખલ કરેલ જેની આગળની તપાસ પો.સ.ઇ. ડી.આર.રાઠોડ નાઓ ચલાવી રહેલ છે.

**(૨)**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહી જેવી અસામાજીક પ્રવુતીને સંદતર નેસ્તનાબુદ કરવા સારૂ સોલા હાઇકોર્ટ પો.સ્ટે.ના ખાતે પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલ મોહંમદ જાવેદ ઉર્ફે જપ્પુ રમ્જાનભાઇ શેખ ઉવ.૨૬ રહે,એ/૧૨૩ ન્યુ ફૈસલનગર ઓકટ્રોયનાકા પાસે દાણીલીમડા અમદાવાદ શહેરનાની વિરુધ્ધ દાખલ થયેલ ગુનાને ધ્યાને લઇ સદરી વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્માંક: પીસીબી/ડીટીએન/પાસા/૭૩૯/૨૦૧૮ તા.૧૭/૦૮/૨૦૧૮ થી ખાસ જેલ પાલાર ભુજ ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદર પાસા અટકાયતીને સોલા પો.સ્ટે.ના સીનીયર પો.ઇન્સ. જી.એસ.શ્યાન તથા સેકન્ડ પો.ઇન્સ.શ્રી ડી.એચ.ગઢવી તથા સ્ટાફના માણસોએ આજરોજ તા.૧૭/૦૮/૨૦૧૮ ના રોજ ડીટેઇન કરી કલાક ૨૦/૦૦ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

**સોલા હાઇકોર્ટ પોસ્ટે ફ.ગુ.ર.નં ૩૩૬/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૩૭૯ ના કામે**

મે પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદના હુકમ આધારે મે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ સોલા પો.સ્ટેશનના ફર્સ્ટ પો.ઇ. શ્રી જી.એસ.શ્યાન તથા સેકન્ડ પો.ઇન્સ શ્રી ડી.એચ.ગઢવી નાઓના સીધા સુપરવિઝન હેઠળ અત્રેના સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરીના ગુનાઓમાં સંડોવાયેલ ઇસમ નામે દિલાવર રસુલભાઇ કહેરભાઇ કુરેશી ઉ.વ ૨૭ રહે-ગામ દેલ્લા પરૂવાસ તા.કડી જી.મહેસાણા વાળાને સોલા હાઇકોર્ટ પોસ્ટે ફ.ગુ.ર.નં ૩૩૬/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૩૭૯ ના કામે તા.૧૬/૦૮/૧૮ ના ક.૨૨/૩૦ વાગ્યે ગુનાના કામે અટક કરવામાં આવેલ છે.અને હાલમાં ગુનાની તપાસ ચાલુ છે. તા.૧૬/૦૮/૧૮

**રામોલ પોલીસ સ્ટેશન :**

**પરિશિખર એસ્ટેટ શેડ નં. ૨૦ રીગરોડ ટોલપ્લાઝાની સામે રામોલ અવાદ શહેર ખાતે રેડ કરી ૦૮ જુગારીઓને જુગાર રમતાપકડી કિ.રૂ.૭૪૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર**

આજરોજ તા.૧૭/૦૮/૧૮ના રોજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તેમજ મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" વિભાગ નાઓએ પ્રોહી/જુગારની બદી નેસ્તનાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓએ અમોને પ્રોહી/જુગારના કેશો શોધી કાઢવા સુચના કરેલ હોય તે આધારે જુગારની પ્રવૃતિ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ અમો તથા સર્વેલન્સ સ્કોડના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૬/૦૦ વાગે રીગરોડ ટોલપ્લાઝાની સામે રામોલ અવાદ શહેર પાસે આવતા સાથેના પોકો ચિરાગભાઇ ભુપતભાઇ બનં ૧૫૩૫ તથા પોકો સતીષભાઇ બાબુભાઇ બનં ૮૫૭૨ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે પરિશિખર એસ્ટેટ શેડ નં ૨૦ રીગરોડ ટોલપ્લાઝાની સામે રામોલ અવાદ શહેર ખાતે રેડ કરી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા ૦૮ ઇસમોને રોકડા રૂ.૧૫૬૦૦/-તથા ૮ મો.ફોન કિ.રૂ.૫૯૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૭૪૬૦૦/-ની મત્તા સાથે પકડી તમામની વિરૂધ્ધમાં ધી જુગારધારા કલમ ૪.૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

<u>**નારોલ પોલીસ સ્ટેશન :**</u>

**દેશીદારૂ ભરેલ ઓટો રિક્ષા તથા જ્યુપીટર મળી કુલ્લે કિં.રૂ.૧,૨૮,૫૦૦/- ની મતાના મુદામાલ સાથે બે ઇસમોને પકડી પાડતી નારોલ પોલીસ**

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ મ.પો.કમિ.શ્રી કે-ડીવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઇસ્પેકટર આર.એ.જાદવ સા. નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ એ.જી.બિદ તથા સાથેના પો.કો. હીતેશભાઇ નાગજીભાઇ બ.નં.-૧૩૨૧૪ તથા પો.કો. વિષ્ણુભાઇ બાબુભાઇ બ.નં.-૧૩૨૧૨ તથા પો.કો. વિરેંદ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ નાઓ સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા અને પેટ્રોલિંગમાં ફરતા ફરતા કલાક- ૨૩/30 વાગે લાંભા ટર્નિંગ પાસે આવતા સાથેના પો.કો. હીતેશભાઇ નાગજીભાઇ તથા પો.કો. વિષ્ણુભાઇ બાબુભાઇ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે નારોલ લાંભા ટ્રનિંગ ખાતે રેડ દરમ્યાન આરોપી ૧ એજાઝ સ/ઓ હુસેનભાઇ અકબરભાઇ બેલીમ ઉવ.૨૪ રહે, ઇમરાન ડુપ્લેક્ષ હોકાબાઝ ગલી સિકંદર માર્કેટ રોડ દાણીલીમડા અમદાવાદ તથા ૨. સોકતભાઇ નુરમહંમદ રંગરેજ ઉવ.૩૮ રહે, મ.નં.૮ ઘાસલેટ વાળાની ચાલી ફીરદોશ મસ્જીદની પાછળ દાણીલીમડા અમદાવાદ નાઓને પોતાના કબ્જાની ઓટો રિક્ષા નં. જીજે-૦૧-ટીએ-૨૮૩૯ તથા જ્યુપીટર મો.સા. નં. જીજે-૦૧-યુસી-૩૮૨૫ માં વગર પાસ પરમીટે પોતાના કબજામાં ૧૨૫ લીટર દેશીદારૂ કિંમત રૂપિયા-૨૫૦૦/૦૦ તથા અંગઝડતીના મોબાઇલ નંગ-૩ કિંરૂ.૬૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૧,૨૮,૫૦૦/- ની મતાના મુદામાલ સાથે પકડી અટક કરી મુદામાલ બે પંચો રૂબરૂ કબ્જે કરી આરોપીઓની વિરૂધ્ધમાં પ્રોહી ગુ.ર.નંબર ૫૧૯૬/૨૦૧૮ ધી પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબથી ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

<u>**સુરક્ષા સેતુ રથ :**</u>

"જી.આઇ.ડી.સી.વટવા" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "જી.આઇ.ડી.સી.વટવા" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.